# શ્રી દશા મોઢ ગોભવા જ્ઞાતિ યુવક મંડળ, અમદાવાદ.

કાર્યાલય : લાયબ્રેરીવાળા મકાનમાં (માણકેશ્વર મહાદેવની બાજુમાં) જગાભાઈ શેઠની પોળ, ઢાળની પોળ, આસ્ટોડીયા, અમદાવાદ-૧.

તારીખ : ૧૬-૩-૨૦૧૫

## શ્રી રામચંદ્ર ભગવાનના જન્મોત્સવની ઉજવણીના અનુસંધાને

માનનીયશ્રી,

આપશ્રીને વિદીત છે કે છેલ્લા કેટલાક સમયથી સમગ્ર રાજ્યમાં અને ખાસ કરીને આપણાં શહેરમાં સ્વાઈન ફલુ વાઈરસને લીધે સમાજના વિભિન્ન વર્ગ પર તેની અસર થઈ રહેલ છે. આથી સરકારશ્રીએ તેની ગંભીરતાને ધ્યાને લેતા પ્રાથમિક તબક્કે એમ જણાયેલ છે કે જે સ્થાને વધુ વ્યક્તિઓ એકત્રિત થતા હોય તેવા સ્થળેથી આ વાયરસ વધુ ફેલાતો હોવાનું સમીક્ષા દરમ્યાન જણાયેલ. આથી નાગરિકોના સ્વાસ્થ્યને લગતા આ મહત્વના મુદ્દાને ગંભીરતાથી લઈને અમદાવાદ શહેરમાં જાહેર કાર્યક્રમો, મેળાવડા સહિતના પ્રસંગો હોય કે જ્યાં વધુ લોકો એકત્રિત થતા હોય તેના માટે અમદાવાદ શહેરના કલેક્ટરશ્રીએ જાહેરનામું બહાર પાડીને કેટલાક નિયંત્રણો લાગુ પાડેલ છે, જે સમાજના તમામ લોકોના કુશળ સ્વાસ્થ્ય માટે આવકારદાયક છે.

આથી, **પ્રવર્તમાન પરિસ્થિતીમાં સામાજિક દાયત્વ અને સંસ્થાકીય ફરજના ભાગરૂપે યથાયોગ્ય સહકાર આપવાની આપણી સંસ્થાની ફરજને અનુસરીને ચાલુ વર્ષે આપણા ઈષ્ટદેવ શ્રી રામચંદ્ર ભગવાનના જન્મોત્સવ નિમિત્તે દર વર્ષની જેમ આપણી જ્ઞાતિ તરફથી યોજાતા ઉજાણીનો કાર્યક્રમ રદ કરેલ છે.** પરંતુ ધાર્મિક દષ્ટિએ તેનું સાતત્ય જળવાઈ રહે તે હેતુથી **પ્રસાદી સ્વરૂપે પેંડાનો પ્રસાદ આપવાનું નક્કી કરેલ છે.**

**આ અનુસંધાને પ્રસાદ માટેનો રૂા.૨૦/- નો ટોકન પાસ નીચે જણાવેલ સમય અને સ્થળે આપના તરફથી મેળવી લેવા અમારી નમ્ર અરજ છે.**

**: તારીખ અને સમય :**

**૨૧-૩-૨૦૧૫, શનિવાર : રાત્રે ૭ થી ૮ અને તા.૨૨-૩-૨૦૧૫, રવિવાર : સવારે ૧૦ થી ૧૧-૩૦**

**વધુમાં આપને સાનુકુળ રહે તે માટે નીચે જણાવેલ નજીકના કોઈપણ સ્થળે આપનું નામ નોંધાવીને તે જ સ્થળેથી શનિવાર તા. ૨૭-૩-૨૦૧૫ રાત્રે ૭ થી ૮ અથવા રવિવાર તા. ૨૮-૩-૨૦૧૫ ના રોજ સવારે ૧૦ થી ૧૧-૩૦ દરમ્યાન પ્રસાદ મેળવી શકો છો.**

**: સ્થળની વિગત :**

| | | | |
|---|---|---|---|
| ૧. | જ્ઞાતિ લાયબ્રેરી | : | જગાભાઈ શેઠની પોળ, આસ્ટોડીયા. |
| ૨. | શ્રી નિશીતભાઈની ઓફીસ | : | સમુદ્ર કોમ્પલેક્ષ, સી.જી.રોડ, નવરંગપુરા. |
| ૩. | શ્રી દુષ્યન્તભાઈ ચોકસી | : | સંકલ્પ એપાર્ટમેન્ટ, વસ્ત્રાપુર. |
| ૪. | શ્રી રાજેશભાઈ સી. ચોકસી | : | એફ-૫, મારૂતિ કોમ્પલેક્ષ, પી.એન.બી. સામે, સુભાષચોક, ગુરુકુલ, મેમનગર. |
| ૫. | શ્રી ભૃગેન્દ્રભાઈ સી. શાહ | : | ૧૪, ચંદ્રપ્રકાશ સોસાયટી, કાંકરીયા. |
| ૬. | શ્રી અલ્કેશભાઈ આઈ. ચોકસી | : | ૨૯, મહાલક્ષ્મી સોસાયટી, પાલડી. |
| ૭. | શ્રી અરવિંદભાઈ એમ. ચોકસી | : | ૭૦૨, કૈવલ્યધામ એપાર્ટમેન્ટ-૧, રેડીયો મિર્ચી પાસે, સેટેલાઈટ. |

**નોંધ :**

પ્રસાદી માટે આપના તરફથી ઉપર જણાવેલ સમય મર્યાદામાં જ્ઞાતિના ઈમેલ એકાઉન્ટ **shridashamodhgobhva@gmail.com** પર પણ નામ નોંધાવી દર્શાવેલ સમયે અને સ્થળેથી પ્રસાદ મેળવી શકાશે.

**આપ સૌને જણાવતા આનંદ થાય છે કે ચાલુ વર્ષે....**

૧. આપણા ઈષ્ટદેવ શ્રી રામચંદ્ર ભગવાનની કૃપાથી **શ્રી ધર્મેન્દ્રભાઈ ચંપકલાલ શાહના પરિવાર તરફથી** જગાભાઈ શેઠની પોળમાં આવેલ શ્રી માણકેશ્વર મહાદેવની બાજુમાં આવેલ **આપણી જ્ઞાતિ યુવક મંડળના લાયબ્રેરીવાળા મકાનનું સંપુર્ણપણે રીનોવેશન** કરીને સંપુર્ણ સુવિધાસભર બનાવી આપેલ. જેનું ઉદ્‌ઘાટન જ્ઞાતિ અને યુવક મંડળના ટ્રસ્ટીઓના વરદ હસ્તે કરવામાં આવેલ. આ પ્રસંગે પુનઃનિર્મિત કરેલ લાયબ્રેરીની સુવિધાનો લાભ આપણી જ્ઞાતિને તેમજ સ્થાનિક રહીશોને લાંબા સમય સુધી મળી રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કરીને બહુહેતુક પ્રવૃત્તિઓને વેગ મળી રહે તેવી નિષ્ઠાથી કરેલ આ શુભકાર્ય બદલ ગણમાન્ય મહાનુભાવોએ શ્રી ધર્મેન્દ્રભાઈ સી. શાહને હાર્દિક અભિનંદન પાઠવેલ. આ લાયબ્રેરીના બહુઆયામી મકાનનું ચીવટપુર્વક અને ખુબ ઝડપથી પુનઃનિર્માણ કરી આપવા બદલ જ્ઞાતિ અને યુવક મંડળ શ્રી ધર્મેન્દ્રભાઈ સી. શાહ તેમજ તેમના સર્વે કુટુંબીજનોનો આભાર માનીએ છીએ.

૨. કુળદેવી શ્રી મોઢેશ્વરી માતાજીની આજ્ઞાથી પાટોત્સવના શુભદિન નિમિત્તે તા. ૧-૨-૨૦૧૫ના રોજ સોલા ખાતે આવેલ મંદિરમાં જ્ઞાતિ અને યુવક મંડળના સંયુક્ત ઉપક્રમે નવચંડી યજ્ઞ યોજાયેલ. જેમાં જ્ઞાતિજનોએ ખુબ બહોળી સંખ્યામાં ઉત્સાહભેર લાભ લીધેલ. આ પ્રસંગે યોજાયેલ પ્રાસંગિક સમારંભમાં જ્ઞાતિના શ્રેષ્ઠીઓએ કાર્યક્રમના આયોજનને અનેક જ્ઞાતિજનોની ઉપસ્થિતીમાં વધાવી લીધેલ અને શક્ય હોય તો પરિસ્થિતિને અનુરૂપ દર વર્ષે નવચંઠી યજ્ઞનું આયોજન કરવાની પણ દરખાસ્ત થયેલ, જેને સૌએ આવકારેલ. જે જ્ઞાતિ અને યુવક મંડળના પ્રત્યેક સભ્ય માટે ગૌરવ સમાન છે.

સાથોસાથ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સૌ જ્ઞાતિજનોએ યથાયોગ્ય રીતે તન, મન અને ધનના સહયોગ આપેલ છે. તેમનું ઋણ અમો સ્વીકારીએ છીએ અને ભવિષ્યમાં સુંદર ધાર્મિક કાર્યક્રમોમાં પણ આપના તરફથી પૂર્વવત સહકાર અને સહયોગ મળતો રહેશે તેની અમને પ્રતિક્ષા રહેશે.

૩. આપણી જ્ઞાતિના શ્રેષ્ઠીઓના સહયોગથી અનેક પ્રવૃત્તિઓ અને આયોજનો કરવામાં આવે છે. જેના ભાગરૂપે **ખાનગી રાહત યોજના** સાથે સંકળાયેલ કુટુંબોને જીવન જરૂરીયાતની પ્રાથમિક ચીજવસ્તુઓ માટે આનુસંગિક વ્યવસ્થા પણ કરવામાં આવે છે. જેમાં સહભાગી થવાના ઉદ્દેશથી **ચાલુ વર્ષે શ્રી અજીતભાઈ ચંપકલાલ મહેતા તરફથી યશસ્વી અને પ્રેરણાત્મક સદકાર્ય કરવામાં આવેલ છે.** ખાનગી રાહત યોજનાનો લાભ લેતા કુટુંબોને ખુબ જરૂરી અને ઉપયોગી વિવિધ મરીમસાલાની કીટનું વિતરણ કરવામાં આવેલ છે. જેઓની સખાવત બદલ જ્ઞાતિ અને યુવક મંડળ તેમના ઋણનો સ્વીકાર કરે છે અને અન્ય જ્ઞાતિજનોને જ્ઞાતિ અને યુવક મંડળની વિવિધ પ્રવૃત્તિઓમાં યથાશક્તિ અનુદાન અને આર્થિક સહયોગ માટે વિનમ્ર અપીલ કરીએ છીએ.

૪. આપ સૌના અનુમોદનની અપેક્ષાએ વૈશ્વિક ધોરણે વિકાસની વધતી તકોને ધ્યાને લઈને અને પ્રવર્તમાન સમયને અનુરૂપ કાર્યશૈલીથી જ્ઞાતિના યુવાવર્ગ ઝડપથી માહિતીની આપ લે કરી શકે તેના થકી નિકટ લાવી શકાય તે હેતુથી પ્રાથમિક તબક્કે **Whatsaap account** શરૂ કરેલ છે. જેમાં જોડાવવા માટે **9825366631** ઉપર ફક્ત **SMS** થી જ રીક્વેસ્ટ મોકલવાની રહેશે. આ ઉપરાંત જ્ઞાતિના **facebook account** સાથે જોડાવવા માટે **shri dasha modh gobhva gnati** માં રીક્વેસ્ટ મોકલવાની રહેશે. આ સુવિધા ફક્ત જ્ઞાતિજનો પુરતી જ સિમિત છે તેમજ આ અંગેના તમામ નિર્ણય સૌને બંધનકર્તા રહેશે.

**આપના દર્શનાભિલાષી,**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭૯-૨૨૧૪૬૬૪૮ - | શૈલેષભાઈ ડી. ગાંધી | **- પ્રમુખ -** | રાજુલભાઈ આર. ચોકસી | - ૯૮૨૫૦૦૮૬૮૧ |
| ૯૪૨૭૬૦૭૯૭૭ - | અરવિંદભાઈ એમ. ચોકસી | **- ઉપપ્રમુખ -** | અલ્કેશભાઈ આઈ. ચોકસી | - ૯૮૨૫૩૬૬૬૩૧ |
| ૯૮૭૯૪૯૮૭૬૫ - | નિશીતભાઈ બી. ચોકસી | **- માનદ્ મંત્રી -** | આસીતભાઈ એન. શાહ | - ૯૮૯૮૧૨૦૦૧૫ |
| ૯૭૧૪૫૦૩૮૦૧ - | યોગેશભાઈ એસ. ચોકસી | **- સહમાનદ્ મંત્રી -** | નૈમેષભાઈ પી. ચોકસી | - ૯૦૯૯૬૫૮૦૦૧ |
| | **શ્રી દ.મો.ગો.જ્ઞાતિ, અ'વાદ** | | **શ્રી દ.મો.ગો.જ્ઞા.યુ.મંડળ, અ'વાદ** | |

**નોંધ : આપને જ્ઞાતિ અને યુવક મંડળની પ્રવૃત્તિ કે અનુદાન માટે ઉપર જણાવેલ કોઈપણ હોદ્દેદાર/કમિટી સભ્યનો સંપર્ક કરવા વિનંતી.**

BOOK POST
**PRINTED MATTER**



To,

# શ્રી દશા મોઢ ગોભવા જ્ઞાતિ અને જ્ઞાતિ યુવક મંડળ, અમદાવાદ.

**લાયબ્રેરીવાળા મકાનમાં (માણકેશ્વર મહાદેવની બાજુમાં) જગાભાઈ શેઠની પોળ, ઢાળની પોળ, આસ્ટોડીયા, અમદાવાદ-૧.**